# ‘રાષ્ટ્રીય એકતા દિવસ’ ની ઉજવણી

૩૧ મી ઓક્ટોબર, સરદાર વલ્લભભાઇ પટેલની જન્મ જયંતી “રાષ્ટ્રીય એકતા દિવસ"”તરીકે સમગ્ર દેશમાં ઉજવવામાં આવે છે. જે અંતર્ગત આણંદ કૃષિ યુનિવર્સિટીના યુનિવર્સિટી ભવનથી કોલેજ ઓફ વેટરનરી સાયન્સ સુધી “રન ફોર યુનિટી” નું આયોજન તા. ૩૧/૧૦/૨૦૧૭ ના રોજ સવારે ૮.૦૦ કલાકે કરવામાં આવેલ. જેમાં સર્વે યુનિવર્સિટી અધિકારીશ્રીઓ, આણંદ કેમ્પસ ખાતે આવેલ યુનિટ/સબ યુનિટના વડાશ્રીઓ, કોલેજ/પોલીટેક્નીકના પ્રાધ્યાપક અને વડાશ્રીઓ, કર્મચારીઓ તથા વિધાર્થીઓએ આ કાર્યક્રમમાં ભાગ લીધેલ. આ પ્રસંગે યુનિવર્સિટી ભવન ખાતે માન. કુલપતિશ્રી અને યુનિવર્સિટી અધિકારીઓ દ્વારા સરદાર પટેલની પ્રતિમાને પુષ્પાંજલી અર્પણ કરેલ. ડૉ.એન.સી. પટેલ , માન. કુલપતિશ્રી દ્વારા સરદાર વલ્લભભાઇ પટેલના જીવન તેમજ તેમની ખેડૂતલક્ષી સેવાઓ વિશે પ્રેરણાત્મક ઉદબોધન કરવામાં આવ્યું હતું. ઉદબોધન બાદ માન. કુલપતિશ્રી દ્વારા “રન ફોર યુનિટી” નું ફ્લેગ ઓફ કરવામાં આવ્યુ હતું . જેમાં વિધાર્થીઓ તેમજ અન્યએ યુનિવર્સિટી ભવનથી કોલેજ ઓફ વેટરનરી સાયન્સ સુધી દોડ લગાવી હતી. અંદાજિત ૩૪૦ વિધાર્થીઓ તેમજ યુનિવર્સિટી અધિકારીશ્રી/કર્મચારીઓએ “રન ફોર યુનિટી” માં ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમના આયોજનની કામગીરી ડૉ . એસ.એચ. અકબરી , નિયામકશ્રી, વિધાર્થી કલ્યાણ દ્વારા કરવામાં આવી હતી.














RUN FOR UNITY
RUN FOR UNITY